Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ
WESTERN TIMES (AHMEDABAD)
ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2023
Posting at RMS Ahmedabad

બુધવાર, તા. ૩૧ મે, ૨૦૨૩
31/5/2023 * VOL : 43 * NO. 256 સંવત- ૨૦૭૮, જેઠ સુદ-૧૧

Owned, Printed & Published by **Nikunj R. Patel** on behalf of Western Times Pub. Pvt. Ltd. **Printed** at & **Published** from **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad **Editor :** Nikunj R. Patel
RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) **ફોન :** ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, **જાહેરાત :** ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧

આજનો **સુવિચાર**

સુખી થવું હોય તો કાયમ દુઃખી લોકોને જુઓ અને દુઃખી થવું હોય તો હંમેશા સુખી લોકોને જુઓ.

શ્રીનગર હાઈવે પર બસ ખીણમાં પડતા ૧૦નાં મોત, ૫૦થી વધુ ઘાયલ

ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડાયા

શ્રીનગર, જમ્મુ-કાશ્મીરમાં મંગળવારની સવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. મુસાફરોથી ભરેલી એક બસ ઊંડી ખીણમાં પડી ગઈ હતી. જે બાદ ૧૦ જેટલાં મુસાફરોનાં મોત થયા હતા. આ દુર્ઘટનામાં ઘાયલ થયેલાં મુસાફરોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં ૧૦ જેટલાં મુસાફરોનાં મોત થયા હોવાના રિપોર્ટ સામે આવ્યા છે. આ ઘટના જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ પર બની હતી. મુસાફરોથી ભરેલી બસ એક ઊંડી ખીણમાં પડી ગઈ હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ, બસ અમૃતસરથી કટરા જઈ રહી હતી. જેમાં સવાર યાત્રીઓ વૈષ્ણો દેવીમાં દર્શન કરવા માટે જઈ રહ્યા હતા. મૃતકોના મૃતદેહો પંચનામા બાદ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. તો ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે આ દુર્ઘટના મામલે તપાસ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ, આ બસ દુર્ઘટના જમ્મુ જિલ્લાના કટરાથી લગભગ ૧૫ કિલોમીટર દૂર જઝ્ઝર કોટલી પાસે બની હતી. જમ્મુના ડીસી અવની લવાસાએ જણાવ્યું કે, આ દુર્ઘટનામાં ૧૦ લોકોનાં મોત થઈ ચૂક્યા છે અને ચાર જેટલાં મુસાફરો ગંભીર રીતે ઘાયલ છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યા છે. જ્યારે અન્ય મુસાફરોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. આ બસ અમૃતસરથી કટરા તરફ જઈ રહી હતી. પોલીસે જણાવ્યું કે, ગંભીર રીતે ઘાયલ લોકોને જીએમસી જમ્મુમાં ખસેડવામાં આવ્યા હતા. ૧૨ અન્ય લોકોને સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય કેન્દ્રમાં ભરતી કરવામાં આવ્યા છે. પોલીસે જણાવ્યું કે, ઘટના કેવી રીતે બની એના વિશે હજુ માહિતી મળી નથી. જો કે, આ મામલે કેસ દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મુસાફરોની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. આ બસ સફેદ અને ગુલાબી રંગની હતી અને એના પર પ્રિન્સ ટ્રાવેલ્સ લખેલું છે. મહત્વનું છે કે, ગયા અઠવાડિયે દક્ષિણ કાશ્મીરના બારસુ અવંતીપોરમાં શ્રીનગર જમ્મુ નેશનલ હાઈવે પર એક મુસાફરોથી ભરેલી બસ પલટી ખાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં પાંચ લોકો ઘાયલ થયા હતા. આ પર્યટકો કોલકત્તાના હતા. અન્ય એક દુર્ઘટનામાં અવંતીપોર વિસ્તારમાં એક પૂરપાટ ઝડપથી આવી રહેલી ટ્રકે કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સના વાહનને ટક્કર મારી હતી. જે બાદ ત્રણ જેટલાં સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા હતા. આ ઘટના સીઆરપીએફ પોસ્ટ પર લાગેલા સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી.

સંક્ષિપ્ત સમાચાર

સેન્સેક્સમાં ૧૨૩ અને નિફ્ટીમાં ૩૫ પોઇન્ટનો ઊછાળો

(એજન્સી)મુંબઈ, મંગળવારે સ્થાનિક શેરબજારો ઉછાળા સાથે બંધ થયા છે. બીએસઈનો ૩૦ શેરવાળો સંવેદનશીલ સૂચકાંક સેન્સેક્સ (બીએસઈસેન્સેક્સ) ૧૨૨.૭૫ પોઈન્ટ અથવા ૦.૨૦ ટકાના વધારા સાથે ૬૨,૯૬૯.૧૩ પોઈન્ટના સ્તર પર બંધ થયો છે. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૩૫.૨૦ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકાના વધારા સાથે ૧૮,૬૩૩.૮૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. નિફ્ટીમાં આટીસીમાં સૌથી વધુ ૨.૩૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ઓટો, એનર્જી, ફાર્મા અને મેટલ સેક્ટરના શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. તે જ સમયે, બેંક, કેપિટલ ગુડ્સ, એફએમસીજી અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સેક્ટરના શેરમાં ખરીદી નોંધાઈ હતી. બીએસઈમિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો મામૂલી વધારા સાથે બંધ થયા છે.

લિકર કૌભાંડ કેસમાં દિલ્હી હાઈકોર્ટે મનીષ સિસોદિયાના જામીન ફગાવ્યા

(એજન્સી)નવી દિલ્હી, દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાને દિલ્હી હાઈકોર્ટમાંથી ઝટકો લાગ્યો છે. લીકર કૌભાંડ કેસમાં કોર્ટે તેમની જામીન અરજી ફગાવી દીધી છે. આપે કહ્યું કે આ નિર્ણય સામે મનીષ સિસોદિયા સુપ્રીમ કોર્ટમાં જશે

દિલ્હી હાઈકોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે સિસોદિયા પર લાગેલા આરોપો ખૂબ જ ગંભીર છે. આ મામલે તેમનું વર્તન પણ યોગ્ય રહ્યું નથી. તે સાક્ષીઓને પ્રભાવિત કરી શકે છે. તેમની પાસે ૧૮ વિભાગો છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. એટલા માટે હવે તેમને જામીન આપી શકાય નહીં. મનીષ સિસોદિયાએ નીચલી અદાલતના નિર્ણયને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો હતો કારણ કે નીચલી વિશેષ અદાલતે તેમની જામીન અરજી ફગાવી દીધી હતી. કોર્ટમાં સુનાવણી દરમિયાન સીબીઆઈએ સિસોદિયાની જામીન અરજીનો વિરોધ કર્યો હતો, ત્યારબાદ કોર્ટે ૧૧ મેના રોજ આ મામલે ચુકાદો અનામત રાખ્યો હતો.

મેમોરિયલ ડેની ઉજવણીમાં હોલિવૂડ બીચ પર ગોળીબાર

(એજન્સી)ફ્લોરિડા, આખી દુનિયાને માનવાધિકારો માટે સલાહ આપતુ અમેરિકા પોતાના જ દેશમાં ગન કલ્ચરને રોકી શકવામાં નિષ્ફળ રહ્યુ છે. જાહેર સ્થળોએ ફાયરિંગની વધુ એક ઘટના ફ્લોરિડામાં બની છે. મીડિયા રિપોર્ટ અનુસાર ફ્લોરિડામાં મેમોરિયલ ડેની ઉજવણીના દિવસે હોલીવૂડ બીચ પર ભારે ભીડ હતી અને તે સમયે જ ગોળીબાર થતા નવ લોકો ઘાયલ થયા છે. જેમાં ત્રણ ટીન એજરનો સમાવેશ થાય છે. ફાયરિંગના પગલે બીચ પર નાસભાગ મચી ગઈ હતી અને લોકો ગોળીઓથી બચવા જે જગ્યા મળી તે જગ્યાએ આશરો લેતા નજરે પડયા હતા. સ્થાનીક મિડિયા રિપોર્ટ અનુસાર આ ઘટનામાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. બે જૂથો વચ્ચે થયેલી લડાઈ બાદ વાત ફાયરિંગ સુધી પહોંચી હતી. જ્યાં આ ઘટના બની છે તે હોલીવૂડ બીચ અમેરિકાના સૌથી પ્રસિધ્ધ દરિયા કિનારાઓ પૈકીનો એક છે.

ચીનની ગેરકાયદે ગતિવિધિ રોકવા ભારત સહિત ૧૪ દેશોના સહકાર કરાર

ચીન પરની નિર્ભરતા ઘટાડવાની સાથે, આ કરાર ભવિષ્યની સપ્લાય ચેઇન કટોકટીને સમાપ્ત કરવા માટે પણ કામ કરશે

(એજન્સી)નવી દિલ્હી, દુનિયામાં પોતાનું વર્ચસ્વ વધારવાની કોશિશ કરી રહેલા ચીનની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે. એક તરફ ચીને નાના અને નબળા દેશોને દેવાની જાળમાં ફસાવીને ગરીબ કરી દીધા છે. એવામાં, પ્રશાંત મહાસાગર દ્વારા સરહદ અને આર્થિક કોરિડોર સુધી ઘૂસણખોરી વધારીને ગેરકાયદે ગતિવિધિઓ કરવાની ચીનની યોજનાઓ હવે નિષ્ફળ જવાની છે. ચીનની આ ગતિવિધિઓને રોકવા માટે ૧૪ દેશોએ સાથે મળીને સમજૂતી કરી છે.ચીન પરની નિર્ભરતા ઘટાડવાની સાથે, આ કરાર ભવિષ્યની સપ્લાય ચેઈન કટોકટીને સમાપ્ત કરવા માટે પણ કામ કરશે. આ માટે અમેરિકા અને ભારત સહિત ઈન્ડો-પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્કના ૧૪ ભાગીદાર દેશોએ કરાર કર્યા છે. આ કરાર કોઈપણ અવરોધ વિના સપ્લાય ચેઈન ચાલુ રાખવાના હેતુથી કરવામાં આવ્યો છે. આ કરાર માટે, આઈપીઈએફદેશોની બીજી મંત્રી સ્તરીય બેઠક ગયા સપ્તાહના અંતમાં ડેટ્રોઈટમાં યોજાઈ હતી. આમાં, જૂથ આઈપીઈએફસપ્લાય ચેઈન કાઉન્સિલ, સપ્લાય ચેઈન ક્રાઈસિસ રિસ્પોન્સ નેટવર્ક અને લેબર રાઈટ્સ એડવાઈઝરી નેટવર્કની સ્થાપના કરવા માટે સંમત થયા છે. આઈપીઈએફએ વ્યાપારના વિકાસ, સ્વચ્છ અર્થતંત્ર અને માળખાના ન્યાયી અર્થતંત્રના સ્તંભો પર પણ ભાર મૂક્યો છે. સ્વચ્છ અર્થતંત્રના માળખામાં, સભ્ય દેશો પ્રાદેશિક હાઈડ્રોજન પહેલ સ્થાપિત કરવા સંમત થયા છે. આઈપીઈએફદેશોનું આ પગલું ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે આ દેશો વૈશ્વિક જીડીપીના ૪૦ ટકા અને વૈશ્વિક માલસામાન અને સેવાઓના વેપારમાં ૨૮ ટકા હિસ્સો ધરાવે છે.

કૃતજ્ઞતા-નમ્રતાથી અભિભૂત, સખત મહેનત કરવાનું ચાલુ રાખીશું: મોદી



પીએમ મોદીએ સત્તામાં ૯ વર્ષ પુરા થવા પર ટ્વિટ કર્યું

(એજન્સી)નવી દિલ્હી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશની સત્તામાં વડાપ્રધાન તરીકે સફળ રીતે ૯ વર્ષ પૂર્ણ કરીને ૧૦માં વર્ષમાં પ્રવેશ કર્યો છે.આ પ્રસંગે આજરોજ મંગળવારે પીએમ મોદીએ ટ્વિટ કર્યું છે અને કહ્યું કે તેમનો દરેક નિર્ણય લોકોના જીવનને સુધારવાની ઈચ્છા દ્વારા માર્ગદર્શન આપે છે. પીએમ મોદીના સત્તામાં ૯ વર્ષ પુરા થવા પર દરેક લોકસભા મતવિસ્તારમાં વિશેષ સંપર્ક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે જે એક મહિનો ચાલશે આજરોજ ૩૦મી મેથી ૩૦મી જૂન સુધી ભાજપનું આ અભિયાન શરુ રહેશે.

આ સહીત આજરોજ પીએમ મોદીએ ટ્વિટ કરીને એમ પણ કહ્યું કે “આજે, જ્યારે આપણે રાષ્ટ્રની સેવાના નવ વર્ષ પૂર્ણ કરીએ છીએ, ત્યારે હું કૃતજ્ઞતા અને વિનમ્રતાથી અભિભૂત છું. જે પણ નિર્ણયો લેવામાં આવ્યા હતા, જે પણ કાર્યો કરવામાં આવ્યા હતા, તે બધા લોકોના જીવનને સુધારવાના ઉદ્દેશ્ય સાથે કરાયા હતા.’’ આગળ પણ વિકસિત ભારત બનાવવા માટે કામ કરવાનું ચાલુ રાખીશું.

ઉલ્લેખનીય છે કે જ્યારથી દેશના વડાપ્રધાનના પદ પર પીએમ મોદી આવ્યા છે ત્યારથી દેશની દશા અને દિશા બન્ને સુધરી છે,મહિલાઓથી લઈને ગરિબ પરિવાર માટે અનેક યોજનાઓ મોદીજીએ વિકસાવી છે તો સાથે જ વિદ્યાર્થીઓ માટે પણ અનેર માર્ગ મોકળા કર્યા છે તો વળી વિદેશ સાથેના સંબંધો પણ સારા બનાવ્યા છે જેથી વિદેશમાં વસતા ભારતીયોને તેનો લાભ મળે છે. આ સહીત ઉત્તરપ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે પણ આટલા વર્ષ દરમિયાનના પીએમ મોદીના કાર્યની પ્રસંશાો કરી છએ તેમણે કહ્યું કે આજે ભારતની સરહદો સુરક્ષિત છે, તે માત્ર મોદી સરકારની ભેટ છે. તેમણે કહ્યું કે મોદી સરકાર અલગતાવાદ, આતંકવાદ અને નક્સલવાદ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં સફળ રહી છે. સીએમ યોગીએ કહ્યું કે મોદી સરકારમાં દેશના લોકોનું જીવન સુધર્યુ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે દેશે ખૂબ જ ઝડપથી વિકાસ કર્યો છે.

અમેરિકામાં ભારતીય મૂળના યુવકની ગોળી મારીને હત્યા

(એજન્સી)ફિલાડેલ્ફિયા, અમેરિકાના ફિલાડેલ્ફિયામાં કામ પરથી પાછા ફરી રહેલા ૨૧ વર્ષના ભારતીય મૂળના વિદ્યાર્થીની હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી નાંખી છે. યુએઈના એક અખબારમાં પ્રસિધ્ધ થયેલા અહેવાલ અનુસાર જુડ ચાકો નામનો વિદ્યાર્થી મૂળ કેરાલાનો છે. તેના માતા પિતા ૩૦ વર્ષ પહેલા કેરાલા છોડીને અમેરિકામાં સ્થાયી થયા હતા.

ચાકો ભણવાની સાથે સાથે પાર્ટ ટાઈમ નોકરી પણ કરતો હતો. નોકરી કરીને તે પાછો આવી રહ્યો હતો ત્યારે બે વ્યક્તિઓએ તેને લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાનમાં એક વ્યક્તિએ ફાયરિંગ કર્યુ હતુ અને તેમાં તેનુ મોત થયુ હતુ.

આ પહેલા ૨૧ એપ્રિલે પણ આંધપ્રદેશના રહેવાસી અને અમેરિકામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સાઈશ વીરાની પેટ્રોલ પંપ પર હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી નાંખી હતી. આમ બે મહિનામાં બે ભારતીય મૂળના વિદ્યાર્થીઓના અમેરિકામાં મોત થયા છે.

ઈડીના કોંગ્રેસના ધારાસભ્ય સહિત ઝારખંડમાં ૧૨ સ્થળે દરોડા

(એજન્સી)રાંચી, ઝારખંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ફરી એકવાર મોટી કાર્યવાહી કરી છે. ઈડીએ કોંગ્રેસના ધારાસભ્ય પ્રદીપ યાદવના ઘર સહિત રાજ્યમાં ૧૨ સ્થળો પર દરોડા પાડ્યા છે. આજે સવારે જ ઈડીની ટીમે એક સાથે આ સ્થળો પર દરોડા પાડ્યા હતા. ઝારખંડમાં ઈડીદ્વારા દરોડા પાડવામાં આવેલા ૧૨ સ્થળોમાં ધારાસભ્ય પ્રદીપ યાદવ અને ચેશાયર હોમ રોડમાં રહેતા બિલ્ડર શિવકુમારનો પણ સમાવેશ થાય છે.

જમીન કૌભાંડ મામલે ઈડીની ટીમે શિવકુમારના ઠેકાણા પર દરોડા પાડ્યા છે. અગાઉ આવકવેરા વિભાગે ધારાસભ્ય પણ પ્રદીપ યાદવના ઘર પર દરોડા પાડ્યા હતા. આવકવેરા વિભાગની ટીમ દ્વારા ૪ નવેમ્બર ૨૦૨૨ના રોજ દરોડા પાડવામાં આવ્યા હતા. તે સમયે પ્રદીપ યાદવે પણ તેને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યું હતું. આ વખતે ઈડીએ ધારાસભ્યના સ્થળો પર દરોડા પાડ્યા છે. હજુ સુધી આ મામલે ધારાસભ્ય તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી અને ન તો ઈડીએ આ દરોડા અંગે કોઈ નિવેદન બહાર પાડ્યું છે.

૪ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ, આવકવેરા વિભાગે કોંગ્રેસના ધારાસભ્ય પ્રદીપ યાદવ તેમજ બર્મોના ધારાસભ્ય કુમાર જૈમંગલ સિંહ ઉર્ફે અનૂપ સિંહના સ્થાનો પર દરોડા પાડ્યા હતા.

દેશમાં શહેરી બેરોજગારીનો આંકડો પાંચ વર્ષમાં સૌથી નીચા સ્તરે

જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં શહેરી વિસ્તારોમાં ૧૫ વર્ષ અને તેથી વધુ વયના લોકોમાં બેરોજગારીનો દર ઘટીને ૬.૮ ટકા થયો

(એજન્સી)નવી દિલ્હી, દેશમાં શહેરી બેરોજગારીનો આંકડો પાંચ વર્ષમાં સૌથી નીચા સ્તરે આવી ગયો છે. આ વર્ષે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં શહેરી વિસ્તારોમાં ૧૫ વર્ષ અને તેથી વધુ વયના લોકોમાં બેરોજગારીનો દર ઘટીને ૬.૮ ટકા થયો છે. ૨૦૨૨-૨૩માં શહેરી બેરોજગારીનો દર તમામ ક્વાર્ટર માટે ૨૦૧૮-૧૯ પછીનો સૌથી નીચો હતો.

નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન ઓફિસના ડેટા અનુસાર, એક વર્ષ અગાઉના ક્વાર્ટરમાં તે ૮.૨ ટકા હતો. ગયા વર્ષે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં બેરોજગારીનો દર સૌથી વધુ હતો. તેનું મુખ્ય કારણ દેશમાં કોવિડ સંબંધિત અવરોધો હતા.

સર્વે મુજબ ગયા વર્ષે જુલાઈ-સપ્ટેમ્બર અને ઓક્ટોબર-ડિસેમ્બરમાં બેરોજગારીનો દર ૭.૨ ટકા હતો. જ્યારે એપ્રિલ-જૂન ૨૦૨૨માં તે ૭.૬ ટકા હતો. લેબર ફોર્સ સર્વે અનુસાર, એપ્રિલ-જૂન ૨૦૨૨માં શહેરી વિસ્તારોમાં બેરોજગારીનો દર ૭.૬ ટકા હતો.

૧. પ્રવેશ-સ્તરની નોકરીઓમાં ઝડપી વધારો થયો હતો.

૨. નાના શહેરોમાં સ્ટાર્ટઅપ અને ફિનટેક વિસ્તરણ.

૩. મહિલાઓ ઘરેથી કામ કરવાની પરવાનગી લઈને આગળ આવી રહી છે.

૪. ગ્રામીણ વિસ્તારોમાં સરકારી યોજનાઓનો ઝડપી ફેલાવો

શહેરી વિસ્તારોમાં મહિલાઓમાં બેરોજગારી ઘટી ડેટા અનુસાર, શહેરી વિસ્તારોમાં મહિલાઓમાં બેરોજગારીનો દર જાન્યુઆરી-માર્ચ ૨૦૨૩માં ઘટીને ૯.૨ ટકા પર આવી ગયો, જે એક વર્ષ અગાઉ ૧૦.૧ ટકા હતો. તે જ સમયે, પુરુષોમાં આ દર આ વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ઘટીને ૬ ટકા થઈ ગયો છે, જે એક વર્ષ પહેલા ૭.૭ ટકા હતો.

રાહુલ-ખડગેની મધ્યસ્થી બાદ ગેહલોત-પાયલોટ સાથે ચૂંટણી લડવા તૈયાર

(એજન્સી)નવી દિલ્હી, રાજસ્થાનમાં આ વર્ષે યોજાનારી રાજસ્થાન વિધાનસભા ચૂંટણી ૨૦૨૩ પહેલા કોંગ્રેસ હાઈકમાન્ડે મુખ્યમંત્રી અશોક ગેહલોત અને સચિન પાયલટ વચ્ચે ચાલી રહેલી રાજકીય ખેંચતાણનો અંત લાવવા કવાયત તેજ કરી છે. જેને લઈને રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દિલ્હીમાં રાજસ્થાનના સીએમ અશોક ગેહલોત સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત બાદ સચિન પાયલટ પણ ખડગેને મળવા તેમના ઘરે પહોંચ્યા હતા. ગઈકાલે અશોક ગેહલોત અને સચિન પાયલટની હાઈકમાન્ડ સાથે ચાર કલાક ચાલેલી બેઠકના અંત પછી પાર્ટીના નેતા કેસી વેણુગોપાલે પત્રકારોને જણાવ્યું હતું કે, બેઠક દરમિયાન બંને નેતાઓએ સર્વસંમતિથી કહ્યું હતું કે, અમે આગામી ચૂંટણીઓ સાથે મળીને કામ કરીશું. આગળ જે પણ નિર્ણય લેવાનો છે તે હાઈકમાન્ડ નક્કી કરશે. કોંગ્રેસે અશોક ગેહલોત અને સચિન પાયલટ સાથેની મુલાકાતને લઈને એક ટ્વીટ પણ કર્યુ હતું.

ચીન - પાકિસ્તાનને લઈને ભારત સામે મોટો પડકારઃ સીડીએસ

(એજન્સી)પૂણે, મહારાષ્ટ્રના પુણેમાં એનડીએની પાસિંગ આઉટ પરેડમાં સીડીએસલેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણે તેની સમીક્ષા કરી હતી. આ દરમ્યાન તેમણે જણાવ્યું કે, ભારત આ સમય અલગ રીતના પડકારનો સામનો કરી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, એક તરફ યુરોપમાં યુદ્ધ ચાલી રહ્યું છે, તો બીજી તરફ ચીનની સેનાની તૈનાતી અને પાડોશી દેશ પાકિસ્તાનમાં રાજકીય અને આર્થિક ઉથલ પાથલ ભારતીય સેના માટે એક અલગ પ્રકારનો પડકાર રજુ કરે છે. તેમણે કહ્યું કે, આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ જ્યારે વૈશ્વિક સુરક્ષાની સ્થિતિ શ્રેષ્ઠ નથી અને આંતરરાષ્ટ્રીય ભૌગોલિક-રાજકીય વ્યવસ્થા સતત પરિવર્તનની સ્થિતિમાં છે. સીડીએસે જણાવ્યું હતુ કે, સશસ્ત્ર દળો એલઓસીપરના આપણા દાવાની કાયદેસરતાને જાળવી રાખવા અને માત્ર તાત્કાલિક જ નહીં પરંતુ વિસ્તૃત પડોશમાં પણ શાંતિ અને સ્થિરતા જાળવવામાં રચનાત્મક ભૂમિકા ભજવવા માટે પ્રતિબદ્ધ છે.

H.K.TRAVELS

New Launched Luxury
H.K.TRAVELS
ડેઈલી સર્વિસ

અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ
9979881489
9429893289

સુખી લગ્ન-જીવન માટે

સ્ત્રી-પુરુષોના લગ્ન-જીવનને લગતા કોઈપણ જાતના ગુપ્તરોગ (સેક્સ સમસ્યાઓ) માટેનું ભારતભરમાં પોતાની ઢબનું એકમાત્ર ગવર્નમેન્ટ રજીસ્ટર્ડ સાયંટીફિક સેક્સ ક્લીનીક
સ્વરૂપ સેકસ ક્યૉર
“નોબલ્સ” નહેરુબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ- ૩૮૦ ૦૦૯
www.swaroopsexcure.com
: ફોન : ૨૬૫૮ ૬૦૦૦ ૨૬૫૮ ૭૦૦૦ ૨૬૫૮ ૮૦૦૦ ૪૮૦૦ ૦૦૦૯
: સમય : સવારે ૧૧ થી ૨ સાંજે ૪.૩૦ થી ૭ રવિવારે રજા
૫૯મું વર્ષ

સેલ સેલ
ઢાલગરવાડના પ્રખ્યાત
માસ્ટર હેન્ડલુમ લાવ્યા છે.
પડદાનું કાપડ સાથે સિલાઈ ફ્રી
ભવ્ય સેલ
તદ્દન નવા સ્ટોક સાથે
પડદાનું કાપડ રૂા.૨૫૦/- મીટર (સાથે સિલાઈ ફ્રી)
પડદાનું કાપડ રૂા.૩૫૦/- મીટર (સાથે સિલાઈ ફ્રી)
સોફાદરી તદ્દન નજીવા ભાવે
સોફાનું કાપડ મળશે
પ્રખ્યાત મીલોની ચાદરો ઉપર 10% થી 50% સુધી ડિસ્કાઉન્ટ
• PORTICO • D DECOR • HOME DECOR • FLORIDA • GM MILL • FOREVER • TRIDENT
9x9 સાઈઝની ચાદરો વ્યાજબી ભાવે મળશે
King Size ફીટેડ ચાદરો મળશે
U-Foam ના ગાદલા વ્યાજબી ભાવે બનાવી આપવામાં આવશે.
Roman Curtains Roller Blinds બનાવનાર
SALE ઢાલગરવાડવાળા SALE
માસ્ટર હેન્ડલુમ હાઉસ
૧૧/૩૨, મહારાણા પ્રતાપ કોમ્પ્લેક્ષ, એલિસબ્રિજ, પોસ્ટ ઓફિસ સામે, વી. એસ. હોસ્પિટલની પાછળ, અમદાવાદ.
PH: 079 - 26580043 / MO 9173005787
રવિવારે સેલ ચાલુ રહેશે સમય સવારે ૧૧ થી રાત્રે ૯ બધાજ ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

AnuMicky
Fast Cook Masala
Kitchen Masala Jara Hat Ke..
GARLIC MIX
1st Time INDIA'S Ready Mix
HOT & SPICY for Dal, Sabji, & Beans

રસોઈઘર માં વપરાતા મસાલાના ડબ્બામાં થી મુક્તિ
મીઠું-મરચું-હળદર-ધાણાજીરૂ-લસણ-ગરમ મસાલા મિશ્રિત દાળ-શાક-કઠોળ બનાવવા ચટાકેદાર તૈયાર મિક્સ મસાલો
Manufactured By :
Sasri Multi Products Pvt. Ltd.
Sarkhej Bavla Highway, Changodar, Ahmedabad - 382213.
250 ગ્રામ પેકીંગ ઉપલબ્ધ MRP રૂા.100/- ● 45 ગ્રામ પેકીંગ ઉપલબ્ધ MRP રૂા.20/-
Authorized Distributor For Gujarat :
ATTARWALA TRADERS
Abdul Samad Shaikh • M.9924455111
Uzair Shaikh • M.9712058234
વ્યાપારી પૂછપરછ આવકાર્ય

ગુજરાત બોર્ડનું ધો.૧૨ સામાન્ય પ્રવાહનું આજે પરિણામ જાહેર થશે

વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ ઉપર પરિણામ જોઈ શકશે

ગાંધીનગર,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ ૨૦૨૩માં લેવાયેલી ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ આવતીકાલે બુધવારે જાહેર કરવામાં આવશે. શિક્ષણ બોર્ડને વેબસાઈટ પર સવારે ૮ વાગ્યથી પરિણામ જોઈ શકાશે. ધોણ ૧૨ સામાન્ય પ્રવાહનું કેટલા ટકા પરિણામ આવશે તેની અટકળો શરૂ થઈ ગઈ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-એપ્રિલ ૨૦૨૩માં લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ત્યારબાદ ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરાયા બાદ હવે આવતી કાલે તા.૩૧મી મેને બુધવારના રોજ સવારે ૮ વાગ્યે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થશે. અગાઉના પરિણામની જેમ જ વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ તથા વોટ્સએપ નંબર પર સીટ નંબર મોકલીને પરિણામ મેળવી શકશે.

બોર્ડના સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યભરના ૪.૫૦ લાખ જેટલા અંદાજિત વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. અગાઉ ધોરણ ૧૨વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું હતું. ત્યારથી વિદ્યાર્થીઓને સામાન્ય પ્રવાહના પરિણામને લઈને આતુરતા હતી, જેનો હવે અંત આવ્યો છે. આવતીકાલે સવારે ૮ વાગ્યે બોર્ડની વેબસાઈટ પર ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ ૬૩૫૭૩૦૦૯૭૧ નંબર પર પોતાનો સીટ નંબર મેસેજ કરીને પરિણામ મેળવી શકશે. સૂત્રોએ ઉમેર્યું હતું કે, દર વર્ષે ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થયા બાદ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થાય છે, ત્યારબાદ ધોરણ ૧૦નું પરિણામ જાહેર થાય છે. પરંતુ પ્રથમ વખત આ વર્ષે ૧૨ સાયન્સના પરિણામ બાદ ધોરણ ૧૦નું પરિણામ જાહેર થયું હતું અને અંતમાં ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયું છે.

ઘાટલોડિયા શાયોનાથી ચાંદલોડિયા જવાના રોડ પરનુ રેલવેનુ નાળુ વરસાદી પાણીથી ભરાઇ ગયેલ છે જેને હજુ સુધી ખાલી કરેલ નથી.(**તસવીર :જયેશ મોદી**)

ગુજરાત ન્યુઝ અપડેટ્સ

સુરતમાં ૫૦ વર્ષીય મહિલાનું હાર્ટ એટકેથી મોત

સુરતઃ ગુજરાતમા હવે કોરોના કરતા વધુ ડર હાર્ટએટેકથી લાગી રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા બે મહિનાથી એવા કિસ્સા સામે આવી રહ્યા હતા કે ચાલતા, નાચતા, ક્રિકેટ રમતા યુવકો ઢળી પડતા હતા. બાદમાં હાર્ટએટેકથી મોત થતા હોવાનું સામે આવી રહ્યું છે. ગુજરાતમાં છેલ્લા બે મહિનામાં એકાએક યુવકોના હાર્ટ એટેકના કિસ્સા વધ્યા છે. ત્યારે સુરતમાં ૫૦ વર્ષીય મહિલાનું હાર્ટ એટકેથી મોત થયું હોવાની ઘટના સામે આવી છે. હાર્ટએટેકથી મોતનો સિલસિલો અટકી રહ્યો નથી. ત્યારે સુરતમાં આજે વહેલી સવારે ૫૦ વર્ષીય મહિલાએ યોગા કર્યા બાદ છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. ડોક્ટરે હાર્ટ એટકેથી મોત થવાની આશંકા વ્યક્ત કરી છે.

સંચા ખાતાના કારીગરો ઉપર ઘાતક હુમલો કરનાર આરોપી ૧૩ વર્ષ બાદ ઝડપાયો

સુરતઃ સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસ દ્વારા વર્ષોથી નાસતા ફરતા વધુ એક આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી છે. સુરતમાં લુંટના ગુનાને અંજામ આપી પોલીસથી બચવા ૧૩ વર્ષથી સુરત છોડી ભાગી ગયો હતો. ત્યારે સુરત ક્રાઈમ બ્રાન્ચની એક ટીમે મળેલી બાતમીને આધારે ૧૩ વર્ષ થી ભાગતા ફરતા આરોપીને ઓડિસાના કેન્દ્રપાડા જિલ્લા ખાતે જઈને ઝડપી પડ્યો હતો. સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસ દ્વારા આરોપી રંજન ઉર્ફ ગલિયા બિરાબર પરીડાને ઓરિસ્સાથી ઝડપી પાડયો હતો. ઓરિસ્સાથી તેની ધરપકડ કર્યા બાદ પોલીસ તેને સુરત લઇ આવી પૂછપરછ હથ ધરી હતી.

સુરતમાં વરસાદ સાથે ભારે પવન ફૂંકાતા ૬૦ ઝાડ પડયાં

સુરતઃ ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. ઉનાળાની વિદાય અને ચોમાસાના આગમનને હજુ ૧૫થી ૨૦ દિવસ બાકી છે. ત્યારે મેઘરાજાએ ઘણા વિસ્તારોમાં પધરામણી કરી દીધી છે. સુરત શહેરમાં ગઈ રાત્રે વાતાવરણમાં પલટો આવ્યો હતો. ભારે પવનના કારણે મીની વાવાઝોડા જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. જેના પગલે શહેરમાં કુલ ૬૦ જેટલા ઝાડ પડી ગયા હતા. રાત્રિથી લઈને સવાર સુધી ફાયર વિભાગ દોડતુ રહ્યું હતું. રાંદેર, જહાંગીરપુરા, પાલ, અડાજણમાં પાર્ક કરેલા કેટલાક વાહનો પર ઝાડ પડવાની ઘટના બની હતી.

પિતરાઈ ભાઈથી ગર્ભ રહેતા નવજાતને જંગલમાં દાટી દીધી

સુરતઃ કામરેજના ઘલા ગામે બે સંતાનોના હવસખોર પરણિત પિતરાઈ ભાઈએ કુંવારી બહેનને પ્રેમજાળમાં ફસાવી તેની સાથે વારંવાર શરીર સંબંધ બાંધી ગર્ભવતી બનાવી દીધી હતી. ૨૦ વર્ષની કુંવારી બહેનની ડિલીવરી થતાં બાળકીનો જન્મ થતાં યુવતીના પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. સમાજમાં આબરૂ ન જાય તે બીકે યુવતીના પિતા અને ફોઈએ તાજી જન્મેલી બાળકીને જંગલમાં ખાડો ખોદી દાટી દીધી હતી. ભાવનગરના અને કામરેજના ઘલા ગામે રહેતા કનુભાઈ કાબાભાઈ બારૈયા ખેતરમાં ભાગ્યા તરીકે ખેત મજૂરી કરી પરીવારનો ગુજરાન ચલાવી રહ્યાં છે.

વિશાલા બ્રિજ પરથી રિક્ષા ચાલકે પડતુ મુકીને આપઘાત કર્યો

અમદાવાદ,
અમદાવાદના વિશાલા બ્રિજ પરથી રિક્ષા ચાલકે પડતુ મુકીને આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક વિગતો મુજબ ધમધમતા ટ્રાફિક વચ્ચે રિક્ષા ચાલકે આપઘાત કરતા જવાને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે રિક્ષા ચાલકનું મોત થયું હતું. આ તરફ ઘટનાની જાણ થતાં મૃતકના પરિવારજનો ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા છે. આ તરફ રિક્ષા ચાલકે કેમ આપઘાત કર્યો તેનું કારણ હજી સામે નથી આવ્યું. અમદાવાદના ઈસનપુર વિસ્તારમા રહેતા અને રિક્ષા ચાલક કપીલ કાલાએ આપઘાત કરી લીધો છે. રિક્ષામા પક્ષીઓનો માળો સાચવી રાખનાર રિક્ષા ચાલક કપીલ કાલાએ આપઘાત કરીને પોતાના ઘરનો માળો વિખેરી નાખ્યો છે. વિગતો મુજબ કપીલ કાલા બપોરે ઘરેથી નીકળ્યા અને આપઘાત કરી લેતા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. ઈસનપુરના રિક્ષા ચાલક કપીલ કાલાને આચાનક એવુ શુ થયુ કે, તેણે વિશાલા બ્રિજ પરથી ધમધમતા ટ્રાફિકની વચ્ચે નદીમા પડતુ મુકીને આપઘાત કરી લીધો ? તે અંગે પણ અનેક સવાલ ઊભા થયા છે. આ તરફ રિક્ષા ચાલકે આપઘાત કરી લેતા ૨ દીકરીએ પિતા ગુમાવવાનો વારો આવ્યો છે. જોકે હાલ તો પોલીસ આર્થિક સંકળામણ કે માનસિક તણાવને લઈને આપઘાત કર્યો હોવાનુ માની રહી છે.

મહેસાણા ટોલપ્લાઝા પાસેથી રૂ. એક કરોડથી વધુની કિંમતનો પોશ ડોડાનો જથ્થો ઝડપાયો

અમદાવાદ,
ગુજરાત સહિત સમગ્ર દેશમાં યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા માટે ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. દરમિયાન ગુજરાતના મહેસાણા ટોલ પ્લાઝા પાસેથી એનસીબીની ટીમે રૂ. એક કરોડની કિંમતનો પોશ ડોડાનો જથ્થો ઝડપી લીધો હોવાનું જાણવા મળે છે. મધ્યપ્રદેશ એનસીબીની કાર્યવાહીને પગલે સ્થાનિક પોલીસ તંત્ર દોડતું થઈ ગયું છે. બીજી તરફ રાજ્યમાં અત્યાર સુધીમાં પ્રથમવાર આટલી મોટી માત્રામાં પોશ ડોડાનો જથ્થો ઝડપી લેવામાં આવ્યાનું જાણવા મળે છે. મધ્યપ્રદેશ એનસીબીએ અન્ય આરોપીઓને ઝડપી લેવા માટે કવાય શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઝારખંડથી રાજસ્થાન થઈને ગુજરાતમાં એક ટ્રકમાં શંકાસ્પદ જથ્થો લાવવામાં આવ્યો હોવાની ગુપ્તચર એજન્સીની માહિતીના આધારે એનસીબીની ટીમ ગુજરાત આવી હતી. તેમજ ટ્રકને ટ્રેક કરવાની કવાયત શરૂ કરી હતી. દરમિયાન મહેસાણાના ટોલપ્લાઝા પાસે શંકાના આધારે એક કન્ટેનર અટકાવ્યું હતું. કન્ટેનરની તપાસમાં અંદરથી એક-બે નહીં પરંતુ ૨૦૬ જેટલી પ્લાસ્ટિકની બેગ મળી આવી હતી. જેમાં તપાસ કરતા લગભગ ૪૪૩૩ કિલો જેટલો પોશ ડોડાનો જથ્થો મળી આવ્યો હતો. જેથી અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યાં હતા. આરોપીઓને કન્ટેનરમાં બિસ્કીટની જાણીતી બ્રાન્ડના બોક્સની પાછળ આ જથ્થો છુપાવી રાખ્યો હતો. એનસીબીએ પોશ ડોડાના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી લીધા હતા. તેમજ તેમની સાથે સંડોવાયેલા અન્ય આરોપીઓને ઝડપી લેવા તપાસનો ધમધમાટ તેજ કર્યો હતો.

ધંધુકા નજીક અકસ્માતમાં ૩નાં મોત

અમદાવાદ ,
ધંધુકા-બોટાદ હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં ત્રણ યુવાનોના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં છે. જ્યારે અન્ય બેને ગંભીર ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે બોટાદ-ધંધુકા હાઈવે પર બરવાળા રોડ નજીક ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આ ભયાનક અકસ્માતમાં ત્રણ યુવાનોના ઘટના સ્થળે જ મોત નીપજ્યાં છે. જ્યારે બે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અમદાવાદીઓ માટે સ્પેશિયલ સ્કીમ : ૨ હજારની નોટથી ભરી શકાશે એડવાન્સ ટેક્સ

અમદાવાદ,
દેશભરમાં ૨૩ મે અને સોમવારથી ૨૦૦૦ રૂપિયાની નોટ બદલવાની શરૂઆત થઈ છે. બેંકો ખુલતાની સાથે જ લોકો બેંકોની શાખામાં જઈને તેમની પાસે ઉપલબ્ધ ૨૦૦૦ રૂપિયાની નોટ બદલાવી રહ્યા છે.

ત્યારે રિઝર્વ બેંકએ નોટો બદલવા માટે માર્ગદર્શિકા જાહેર કરી હતી. જો કે ૩૦ સપ્ટેમ્બર સુધી નોટ બદલાવી શકાશે પરંતુ આ બધાવી વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને મહત્વનો નિર્ણય લીધો છે. ૨૦૦૦ની નોટથી એડવાન્સ ટેક્ષ ભરી શકાશે.

એએમસીની રેવન્યુ કમિટીની બેઠકમાં અમદાવાદીઓના હિતમાં વધુ એક નિર્ણય લેવાયો છે. ૩૦-૯-૨૦૨૩ સુધી ૨૦૦૦ની નોટથી એડવાન્સ ટેક્ષ ભરી શકાશે. આ નિર્ણયથી ૨૦૦૦ રૂપિયાની નોટ ધારકોને ફાયદો એ થશે કે તેમને બેંકનો ધક્કો નહી ખાવા પડે અને તે લોકો એડવાન્સ ટેક્ષ ભરવામાં આ નોટનો ઉપયોગ કરી શકશે.

ટેક્ષ નહી ભરનાર સામે એએમસીએ લાલ આંખ કરી નોટિસ પાઠવી છે. વોડાફોન, આઈડિયા, રિલાયન્સ સહિત ૬ કંપનીઓને નોટિસ પાઠવામાં આવી છે. તેમને જણાવી દઈએ કે, આ ૬ કંપનીઓનો રૂ. ૨.૨૧ કરોડનો ટેક્ષ બાકી છે. ટેલિફોન કંપનીઓ ટેક્સ નહી ભરે તો આરઓ પરમિટ નહી આપવામાં આવે તેવી પણ ચેતવણી આપવામાં આવી છે, આગામી દિવસોમાં હોટલ, હોસ્પિટલ સહિતના સેક્ટરમાં પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ ટેક્ષ વસુલવામાં તમામ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

મેઘાણીનગરમાં મનપા સામે પોસ્ટર વોર

અમદાવાદ,
વરસાદ પડે અને ભૂવો ન પડે તો તે અમદાવાદ શહેર ના કહેવાય. આવી જ હાલત ફરી ચોમાસામાં બની છે. ઠેર-ઠેર પાણી ભરાવા, ડ્રેનેજ ઉભરાવી, લોકોના ઘરમાં પાણી ઘુસી જવા, ટ્રાફિક જામ થવો અને ભૂવા પડવા આ વાત અમદાવાદમાં દર ચોમાસે બને છે. અમદાવાદમાં દર ચોમાસે સર્જાતી નિયમિત સમસ્યા છે. તંત્ર ભલે ગમે તેવા બહાના કાઢે પરંતુ વારવારની વાર્ષિક સમસ્યાથી ત્રસ્ત અમદાવાદની જનતા વિરોધનો નવો રસ્તો અપનાવ્યો છે. મેઘાણીનગરની જનતાએ અમદાવાદ મનપા સામે પોસ્ટર વોર શરૂ કર્યુંછે. જનતાએ પ્રશાસકો પર સવાલ ઉઠાવતા પોસ્ટરો જાહેર માર્ગ પર ઠેર ઠેર લગાવ્યા છે. શહેરીજનોએ તંત્ર સામે પોસ્ટર વોર શરૂ કર્યુંછે. જેમાં જનતાએ તંત્રને પૂછ્યું છે કે ક્યાં સુધી પ્રશાસકોના અણઆવડતભર્યા નિર્ણયનો ભોગ જનતા બનશે? આ ચોમાસે લોકોના ઘરમાં પાણી ઘુસશે કે નહીં? આ સહિતના અનેક વેધક સવાલ જનતાએ પોસ્ટર્સમાં છાપીને પૂછ્યા છે.

ઉત્તર ગુજરાતમાં કડાકા ભડાકા સાથે ભારે વરસાદની આગાહી

અમદાવાદ,
રાજ્યમાં કમોસમી વરસાદના કારણે ભરઉનાળે ચોમાસા જેવા દ્રશ્યો દેખાઈ રહ્યા છે. સતત ત્રણ દિવસથી વાતાવરણમાં આવેલા પલટાના કારણે ખેડૂતોની માઠી દશા બેઠી છે. તો બીજી તરફ આજે વહેલી સવારથી જ રાજ્યના મોટા ભાગના શહેરોમાં વાતાવરણમાં પલટો આવ્યો છે.

સાબરકાંઠા, પાટણ, બનાસકાંઠા અને અરવલ્લીમાં ભારે પવન ફૂંકાયો હતો. ભારે પવન ફૂંકાતા મિનિ વાવાઝોડા જેવા દ્રશ્યો સર્જાયા હતા. એટલું જ નહીં ગાંધીનગર, વડોદરા અને રાજકોટમાં પણ ભારે પવન ફૂંકાયો હતો. વડોદરાના ગ્રામ્ય વિસ્તારોમાં ગઈકાલ રાતથી જ ભારે પવન સાથે વરસાદ શરૂ થયો હતો. ગુજરાતમાં આગામી ૨૪ કલાક ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં વરસાદ પડશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે રાજ્યમાં માવઠું પડશે. આગાહીકાર અંબાલાલ પટેલે આજે ગાજવીજ સાથે તોફાની વરસાદની આગાહી કરાઈ છે. સાથે આગામી ૨૪ કલાકમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના અમુક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આવતીકાલથી વીજળી અને ભારે પવનમાં વરસાદ પડી શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, ટ્રફ અને રાજસ્થાન પર સિસ્ટમ સક્રિય થવાથી વરસાદની આગાહી છે. ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં વરસાદ પડી શકે છે. મોટાભાગના જિલ્લાઓમાં ૪૦ ડિગ્રીથી નીચે તાપમાન રહી શકે છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી છે.

આગામી ચોમાસામાં ૯૦૦ રોડ તૂટશે તો તે કોન્ટ્રાકટરોના ખર્ચે રીપેર થશે

(દેવેન્દ્ર શાહ) અમદાવાદ,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે કરોડોના ખર્ચથી નવા રોડ બનાવવામાં આવે છે પરંતુ વરસાદના એક બે ઝાપટામાં જ મોટાભાગના રોડ તૂટી જાય છે જેના રીપેરીંગ માટે ફરીથી કરોડોનું આધણ થાય છે. ચોમાસામાં રોડ તૂટે છે ત્યારે તે કોના ખર્ચથી રીપેર થશે તેવા સવાલો ઉદ્‌ભવે છે નવા રોડ બનાવવા માટે ત્યારે કોન્ટ્રાકટરો પાસેથી ડીફેકટ લાયબીલીટી નકકી કરવામાં આવે છે જો તે સમયગાળ દરમિયાન રોડ તૂટે તો તે રીપેર કરવાની જવાબદારી કોન્ટ્રાકટરોની હોય છે. જે મુજબ ચાલુ વર્ષ દરમિયાન ૯૦૦ કરતા વધુ રોડ તૂટશે તો તે કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે રીપેર કરવામાં આવશે.

મ્યુનિ. કોર્પો. દ્વારા નવા રોડ બનાવવા માટે ટેન્ડર જાહેર કરવામાં આવે ત્યારે તેમાં પાંચ વર્ષની ડીફેકટ લાયબીલીટી નકકી કરવામાં આવે છે મતલબ કે રોડ તૈયાર થયા બાદ પાંચ વર્ષ સુધી રોડ તૂટી જાય તો તેની મરામત કોન્ટ્રાકટર દ્વારા જ કરવામાં આવશે તેવી શરત હોય છે સદર શરત મુજબ મ્યુનિ. કોર્પો.એ છેલ્લા ૩-૪ વર્ષમાં ૯૦૦ જેટલા રોડ બનાવ્યા છે તે પૈકી જે પણ રોડ તૂટશે તો તે કોન્ટ્રાકટરોના ખર્ચથી રીપેર થશે. મ્યુનિ. કોર્પો.ના લીસ્ટમાં જે ૯૦૦ જેટલા રોડ છે તે પૈકી ચાલુ વર્ષે ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ સાલથી તૈયાર થયેલા તમામ રોડ ડીફેકટ લાયબીલીટી પીરીયડમાં આવી જાય છે. આ રોડનો લાયબીલીટી પીરીયડ ઓકટોબર-૨૦૨૩માં પૂર્ણ થાય છે. ૨૦૧૯-૨૦માં જે રોડ તૈયાર થયા હતા તે પૈકી અંદાજે ૩૫૦ જેટલા રોડની જવાબદારી કોન્ટ્રાકટરોના શીરે રહેશે. ઓકટોબર ૨૦૨૩ સુધી જે રોડ તૂટશે તે પૈકીના ૩૫૦ કરતા વધુ રોડ ડીફેકટ લાયબીલીટી પીરીયડમાં આવશે જેમાં રોડ પ્રોજેકટ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ ૨૫ જેટલા રોડનો પણ સમાવેશ થાય છે. તેવી જ રીતે ૨૦૨૦-૨૧માં જે રોડ બનાવવામાં આવ્યા હતા તે પૈકી ૧૨૦ જેટલા રોડની ડીફેકટ લાયબીલીટી પણ ઓકટોબર-૨૦૨૩માં પૂર્ણ થાય છે તે આ રોડ ઓકટોબર પહેલા તૂટશે તો તેનો રીપેરીંગ ખર્ચ પણ કોન્ટ્રાકટરોએ ભોગવવાનો રહેશે. અત્રે નોંધનીય છે કે તંત્ર દ્વારા ડીફેકટ લાયબીલીટી પીરીયડ નકકી કરવામાં આવે છે પરંતુ જયારે તેનો અમલ કરવાનો થાય છે ત્યારે કોન્ટ્રાકટરો યોગ્ય રીતે કામ કરતા નથી સામાન્ય નિયમ મુજબ રોડ તૂટે તો પુરેપુરો રોડ કોન્ટ્રાકટરના ખર્ચ ફરી બનાવવામાં આવશે પરંતુ અમદાવાદ મ્યુનિ. કોર્પો. દ્વારા કોન્ટ્રાકટરો પાસે માત્ર થીંગડા મરાવવામાં આવે છે મતલબ કે જે જગ્યાએ રોડ તૂટયો હોય તે જગ્યાએ પેચવર્ક કરી સંતોષ મનાય છે જેના કારણે રોડના લેવલીગ જળવાતા નથી. ૨૦૧૭માં જયારે મોટાપાયે રોડના ધોવાણ થયા હતાં ત્યારે કોન્ટ્રાકટરોએ ટેન્ડર શરત મુજબ રોડ રીપેર કરવા નનૈયો ભણયો હતો તેથી ત્રણ વર્ષ માટે કોન્ટ્રાકટરોને બ્લેક લીસ્ટ પણ કરવામાં આવ્યા હતાં

ક્રમ	ઝોન	વર્ષ ૧૯-૨૦ ડીએલપી સમય મર્યાદા ઓક્ટો. ૨૦૨૩ પહેલાં પૂર્ણ	વર્ષ ૨૦-૨૧ ડીએલપી સમય મર્યાદા ઓક્ટો. ૨૦૨૩ પહેલાં પૂર્ણ	કુલ
૧	પૂર્વ ઝોન	૫૨	૨૨	૭૪
૨	પશ્ચિમ ઝોન	૬૫	૪૨	૧૦૭
૩	ઉત્તર ઝોન	૨૭	૧૩	૪૦
૪	દક્ષિણ ઝોન	૫૩	૨૦	૭૩
૫	સેન્ટ્રલ ઝોન	૧૯	૨	૨૧
૬	ઉત્તર-પશ્ચિમ ઝોન	૭૯	૧૬	૯૫
૭	દક્ષિણ-પશ્ચિમ ઝોન	૩૫	૨	૩૭
૮	રોડ પ્રોજેક્ટ	૨૫	૬	૩૧
	કુલ	૩૫૫	૧૨૩	૪૭૮

પરીક્ષામાં ગેરરીતિ આચરનાર વિદ્યાર્થીઓને કરાયા આજીવન સસ્પેન્ડ

જામનગર,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષામાં ચોરી કરવી ત્રણ વિદ્યાર્થીઓને ભારે પડી છે. યુનિવર્સિટી દ્વારા નિમાયેલી કમિટીના રિપોર્ટ બાદ કાર્યવાહી કરતા, ત્રણેય વિદ્યાર્થીઓને આજીવન સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ ત્રણેય વિદ્યાર્થીઓ હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આજીવન પરીક્ષા નહીં આપી શકે. સમગ્ર ઘટના એવી હતી કે જામનગરના સ્વામિનારાયણ ગુરૂકુળમાં પરીક્ષા દરમિયાન ચોરી કરતા ત્રણ વિદ્યાર્થીઓ રંગેહાથ ઝડપાયા હતા. જોકે આ પરીક્ષામાં વિદ્યાર્થીઓની ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. જે બાદ આ સમગ્ર મામલો પ્રકાશમાં આવતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કમિટીની રચના કરવામાં આવી હતી.

તપાસમાં સ્વામિનારાયણ ગુરૂકુળ કોલેજની બેદરકારી સામે આવી હતી અને કોલેજનું કોમર્સ કોલેજની માન્યતા રદ કરી દેવાઈ હતી. આમ હવે સમગ્ર કેસમાં સત્તાધીશોએ દોષિતો સામે કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે કોપી કેસ મામલે પણ અન્ય ૫૬થી વધુ વિદ્યાર્થીઓને સજા ફટકારવામાં આવી છે. ગઈકાલની ઈડીએસીની બેઠકમાં ૫૯માંથી ૫૫ વિદ્યાર્થીઓને ૧ ૧ સેમેસ્ટરની સજા, ૩ વિદ્યાર્થીઓને ૧ ૪ અને ૧ વિદ્યાર્થિનીને ૧ ૬ સેમેસ્ટરની સજા ફટકારવામાં આવી હતી.વાસ્તવમાં મ્છના સેમેસ્ટર ૨ની પરીક્ષા ચાલી રહી હતી, જે અંતર્ગત પેપર પૂર્ણ થયા બાદ ઉત્તરવહીની ગણતરી કરતી વખતે એક ઉત્તરવહી ઘટી હતી. જેને લઈ તપાસમાં સામે આવ્યું હતું કે એક વિદ્યાર્થિની ઉત્તરવહીને પોતાના ઘરે લઈ છે.

અમદાવાદમાં રિક્ષા ચાલકો બેફામ ?

અમદાવાદ,
અમદાવાદમાં રિક્ષા ચાલાકો બેફામ બનીને રિક્ષા ચલાવી રહ્યા છે. પાછળની સીટ પર ત્રણ પેસેન્જરના બદલે ચારથી પાંચ અને આગળ પણ ૨ પેસેન્જર બેસાડી લોકોના જીવને જોખમમાં મુકી રહ્યા છે. આજે જ વાડજ ખાતે પણ બેફામ પેસેન્જરને ભરી જતા રિક્ષાનો એક્સિડન્ટ થયો હતો અને અગાઉ પણ અનેક બનાવો બન્યા છે, છતાં આ રિક્ષા પર પોલીસ તંત્રનો કોઈ જ કંટ્રોલ ન હોવાથી અનેક લોકો રિક્ષાનો ભોગ બની રહ્યા છે. અમદાવાદનો રિક્ષા વાળો કહેવત તો સૌને ખબર હશે પરંતુ આ કહેવત જ્યારે પ્રથમ વખત ઉચ્ચારાઈ હશે ત્યારે અમદાવાદના રિક્ષા ચાલકો નિયમોમાં માનતા હશે પરંતુ હવે આ કહેવતને જો સારા અર્થમાં કહેવી હોય તો હવે અમદાવાદનો બેફામ રિક્ષા વાળો કહેવી પડે તેવી છે.

દીકરીએ જ સગી જનેતાની હત્યા કરી હોવાનો ખુલાસો

રાજકોટ,
જુનાગઢ જિલ્લાના ઈવનગર ગામમાં ગઈ ૨૬ મેના રોજ એક મહિલાની હત્યા થઈ હતી. આ મહિલાની હત્યામાં ભયંકર ટ્વિસ્ટ આવ્યો છે. મહિલાની હત્યા કરનારું બીજુ કોઈ નહીં પણ તેની સગી પુત્રી જ નીકળી છે. સગી જનેતાની હત્યા માટે પુત્રીએ જ કાવતરું ઘડ્યું હતું અને અંજામ આપ્યો હતો. માતાએ તેની દીકરીને તેના પ્રેમી સાથે રંગેહાથ ઝડપી પાડી હતી. જે બાદ દીકરીએ આ કાવતરું ઘડ્યું હતું. ત્યારે મૃતક દક્ષા બામણિયાની ૧૯ વર્ષીય દીકરી મીનાક્ષીને જુનાગઢ તાલુકા પોલીસે સોમવારે ઝડપી પાડી હતી. મૃતક દક્ષાબેનના પતિ પાલનપુર ગયાના એક દિવસ બાદ તેઓ પેવર બ્લોક કામમાં રોકાયા હતા. એ પછી ગઈ ૨૬ મેના રોજ પોતાના ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. તપાસકર્તા પોલીસ અધિકારી એસએ ગઢવીએ જણાવ્યું કે, ગઈ ૨૬ મેની રાત્રે દક્ષાબેને પોતાની દીકરી મીનાક્ષીને તેના બોયફ્રેન્ડ સાથે ઘરમાંથી જ રંગેહાથ ઝડપી પાડી હતી. મીનાક્ષીનો બોયફ્રેન્ડ તેની પાડોશમાં જ રહે છે. માતાએ પ્રેમી સાથે દીકરીને રંગેહાથ ઝડપી પાડ્યા બાદ બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને વિવાદ થયો હતો. જે બાદ પ્રેમી ત્યાંથી ચાલ્યો ગયો હતો. આ ઘટના બાદ મીનાક્ષીએ તેની માતાને વિનંતી કરી હતી આ વાતની જાણ તે તેના પિતાને ન કરે, કારણ કે તેને તેના પિતાના ગુસ્સાનો ડર હતો. પોલીસ અધિકારીએ એવું પણ જણાવ્યું કે, એ પછી તેની માતા દીકરીની વાતથી સહમત થઈ હતી, પરંતુ મીનાક્ષીને વિશ્વાસ નહોતો અને તે માની રહી હતી કે માતા આ વાતની જાણ પિતાને કરી દેશે.

વાપી ભાજપના ઉપપ્રમુખની હત્યાનો ભેદ ઉકેલાયો

વલસાડ,
વાપી તાલુકાના કોચરાવા ગામે બે પરિવારો વચ્ચે ૧૦ વર્ષ અગાઉ ખેલાયેલા લોહિયાળ જંગનો બદલો લેવા હત્યાકાંડ ખેલાયો હતો. પોલીસ માટે આ કેસ પડકાર બન્યો હતો. વાપી તાલુકા ભાજપના ઉપપ્રમુખ શૈલેષ પટેલની થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો છે. જિલ્લા પોલીસે આ મામલામાં ૫ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓના દિવસ-રાતની મહેનતના પગલે ૫ આરોપીઓની ધરપકડ થઈ છે. વલસાડના વાપીમાં ગઈ ૮મી તારીખે વાપી તાલુકા ભાજપના ઉપપ્રમુખ શૈલેષ પટેલની ફાયરિંગ કરી હત્યાનો નિપજાવવામાં આવી હતી. મૃતક શૈલેષ પટેલ પરિવાર સાથે રાતા ગામના મંદિરમાં દર્શન કરવા ગયા હતા. પરિવારજનો મંદિરમાં દર્શન કરી રહ્યા હતા અને શૈલેષ પટેલ ગાડીમાં રાહ જોઈ રહ્યા હતા. તે વખતે એક બાઈક પર આવેલા હુમલાખોરોએ શૈલેષ પટેલને પોઈન્ટ બ્લેક રેન્જથી ફાયરિંગ કરી અને ફરાર થઈ ગયા હતા. આથી ઘટનાસ્થળે જ શૈલેષ પટેલનું મોત નીપજ્યું હતું. ભાજપના અગ્રણીની હત્યાને લઈ સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. મૃતકના પરિવારજનોએ આ મામલે મૃતક શૈલેષ પટેલના જ ગામ કોચરવાના અન્ય એક પરિવારના પાંચ સભ્યો વિરુદ્ધ નામજોગ ફરિયાદ દાખલ કરી હતી. સમગ્ર રાજ્યમાં ચર્ચાસ્પદ બનેલો આ હત્યાકાંડની શરૂઆતની તપાસમાં પોલીસને કોઈ પુરાવા મળ્યા નહોતા. તેથી આરોપીઓ સુધી પહોંચવું પોલીસ માટે મુશ્કેલ હતું. જો કે વલસાડ જિલ્લા પોલીસે આખરે આ સનસનીખેજ હત્યા કેસનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે અને પાંચ આરોપીઓની ધરપકડ કરી છે.

અમદાવાદમા સવારે વાવાજોડા જેવો પવન ફુકાયો હતો.(**તસવીર :જયેશ મોદી**)

વિઝીટનો કોઇ ચાર્જ નથી
વોટર પ્રુફીંગ સ્પેશિયાલિસ્ટ બ્રાઇટ મેજીક ઇટાલીયન માર્બલ પેસ્ટ
આપ ઘર-ઓફીસમાં કલર કરવા ઇચ્છો છો
- ધાબાનો અને ટાંકીનો લીકેજ કામખાતરી પૂર્વ કરી આપી છીએ.
- માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબુત કરવાનું કેમીકલ છે.
- દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.
- માર્બલ પેસ્ટ કરવ્યા પછી ભેજ આવતો નથી.
- દર વર્ષે કરાવવું પડતું નથી. ૫-૧૦ વર્ષ આસાનીથી ચાલે છે

૫ વર્ષની વોરંટી
એક જ ફોન કરો માણસ તમારા ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઇનમાં બનાવી આપીએ છીએ.
અમદાવાદ : ૯૩૭૭૯૯૮૭૧૭, ૯૭૨૪૫૦૨૧૫૬, ૯૮૭૯૫૦૬૦૬૮
website : www.brightmegaicitalian.com
પેમેન્ટ ચેકથી કરવું.
ડુપ્લીકેટ માર્બલ પેસ્ટથી સાવધાન